ગાંધીનગર સમાચાર

તા. ૫-૨-૨૦૧૨, મંગળવાર

## તંત્રી સ્થાનેથી.....

### ગુજરાત કોંગ્રેસ માટે કસોટીના દિવસો

કયારેક ગુજરાતના કોંગ્રેસી નેતાઓ દેશ આખાને દોરવણી આપતા હતા. ગાંધી-સરદાર વાળી 'કલાસિકલ' કોંગ્રેસની વાત જવા દઈએ તો પણ મોરારજી દેસાઈના નેતૃત્વવાળી કોંગ્રેસનું કેવું અસરકારક વર્ચસ્વ હતું એ તો આપણી સિનિયર પેઢીએ નજરોનજર જોયું છે. કોંગ્રેસી ગોત્રના ચીમનભાઈ પટેલ ગાંધીનગર બેઠાં બેઠાં દિલ્હીના ક્ષત્રપોને માર્ગદર્શન આપતા હતા. પરંતુ એ પછીના માઠા દિવસો ગુજરાત કોંગ્રેસના ઈતિહાસનું નામોશીભર્યું પ્રકરણ છે જે પૂરૂં થવાનું નામ જ નથી લેતું. કોંગ્રેસની બાગડોર કોંગ્રેસી ગોત્રના નેતાના હાથમાંથી સરકીને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સંસ્કાર ધરાવતા ખુદ્દાર નેતાના મજબૂત હાથમાં સોંપાયા પછી પણ એના ભાવિ વિશે સાનુકૂળ આગાહી કરવી છે. ગત વિધાનસભાની ચૂંટણીમાં વિજયની હેટ્રીક માર્યા પછી મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ એમના આગામી દિગ્વિજયની દિશામાં આગેકૂચ ચાલુ રાખી છે. નગરપાલિકાઓ અને પંચાયતોની ચૂંટણીમાં એમણે ચીવટપૂર્વક ભાજપનો ભગવો લહેરાય એવું સૂચારૂં આયોજન ગોઠવી દીધું છે. બીજી તરફ કોંગ્રેસને હજી પરાજયની કળ વળી નથી. કોંગ્રેસના કહેવાતા સર્વોચ્ચ નેતા અહમદ પટેલ એમની હૉમ પીચ પર જ હારી ગયાનો અફસોસ કરી રહ્યાં છે. વિધાનસભાની ચૂંટણી પતી ગયા પછી એ ગુજરાતને મોં બતાવી શક્યા નથી. છેલ્લા વિકલ્પ તરીકે અળખામણા નેતાને આગળ કરવા પડ્યા છે પણ હજી કોંગ્રેસના આગેવાનોમાં સત્તાની સાઠમારી શમી લાગતી નથી. પોરબંદરની બેઠક પર નામોશીભરી હાર થયા પછી કોંગ્રેસના પ્રમુખપદનું રાજીનામું ધરી દેનાર અર્જુન મોઢવાડિયાનો વિકલ્પ હજી સુધી કોંગ્રેસના હાઈકમાંડને જડ્યો નથી. હાઈકમાંડની નામરજી છતાં લોકસભાના સભ્યપદેથી રાજીનામું આપી ગુજરાત વિધાનસભાનું સભ્યપદ જાળવનારા સૌરાષ્ટ્રના ખમતીધર પાટીદાર નેતા વિઠ્ઠલ રાદડિયાને જે જોઈતું હતું તે હજી લગી આપી શકાયું નથી. આદિવાસી નેતા મોહનસિંહ રાઠવાને વિધાનસભા કોંગ્રેસ પક્ષના ઉપનેતા પદથી સંતોષ માનવો પડ્યો છે. અગાઉ વિપક્ષી નેતાને ડેપ્યુટી સ્પીકર બનાવવાની પ્રથા હતી તે નરેન્દ્ર મોદીએ બંધ કરી છે. બાપુએ એ બધાને એમના ગજા મુજબ નાના મોટા પદની લહાણી કરીને રાજી રાખવાનો પ્રયાસ કર્યો છે. આગામી દિવસો નગરપાલિકાઓ અને પંચાયતોની ચૂંટણીના છે. કોંગ્રેસ માટે એનું પાણી બતાવવાની વધુ એક તક છે. શંકરસિંહ વાઘેલા સામા પૂરના તરવૈયા છે એટલે અહમદ પટેલની જેમ પાણીમાં તો નહીં જ બેસી જાય. જો કે એ પણ જાણે છે કે ગુજરાત પૂરતાં તો કોંગ્રેસ માટે કપરાં ચઢાણ જ છે. નાની ચૂંટણીઓમાં સત્તાધારી પાર્ટીનું અનુકૂળ રહેવાનું જ પ્રજાને ગમતું હોય છે. કારણ કે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓએ આખરે કામ સરકાર પાસેથી જ લેવાનું હોય છે. વિકાસના નામે ચૂંટણી જીતનારા મુખ્યમંત્રી સામે ફક્ત વ્યક્તિગત આક્ષેપબાજીથી કામ નહીં ચાલી શકે તે પણ કોંગ્રેસના આગેવાનોએ સમજી લેવું પડશે.





### જયોતિ મહિલા મંડળ દ્વારા અંધશ્રધ્ધા નિવારણ કાર્યક્રમ પ્રેરણા વિદ્યાલયમાં યોજાયો

પ્રેરણા વિદ્યાલયમાં જયોતિ મહિલા મંડળના સહયોગથી અંધશ્રધ્ધા નિવારણનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મુખ્ય વક્તા તરીકે અનિલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમને વિવિધ વૈજ્ઞાનિક પ્રયોગોનો આધાર લઈ સાધુઓના ખોટા ચમત્કારો છેતરે છે તેનું નિર્દશન કર્યું હતું. ભૂત ભગાડવાના વિવિધ કિમીયા બતાવ્યા હતા. બહેનો સમક્ષ સત્ય હકીકતો રજૂ કરી હતી. જયોતિ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી લતાબેન ચોકસીએ સમાજ નિર્માણમાં બહેનોનો ફાળો આપી શકે તે સમજાવ્યું હતું. આચાર્યા સ્વાતિબા રાઓલે પણ પ્રાસંગિક ઉદ્‌બોધન કરેલ હતું. સમગ્ર સંચાલન કુ.ધારાબેન ત્રિવેદીએ કર્યું હતું.



### મહર્ષિ અત્રિ માધ્યમિક શાળાનું ગૌરવ

રાજ્ય સરકાર દ્વારા આયોજીત ખેલ મહાકુંભ-૨૦૧૩ અંતર્ગત મહર્ષિ અત્રિ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ યોગાસન સ્પર્ધામાં ભાગ લીધો હતો. સ્પર્ધામાં શાળાના બે વિદ્યાર્થીઓએ વિજેતા ક્રમ હાંસલ કરી શાળાને ગૌરવ અપાવ્યું છે. ખેલ મહાકુંભ-૨૦૧૩ની અંડર-૧૬ જિલ્લાકક્ષાની યોગાસન સ્પર્ધા તાજેતરમાં ખોવાઈ હતી. સ્પર્ધામાં શાળાના ઉત્તમ પટેલે દ્વિતીય ક્રમ અને મયંક પટેલે તૃતીય ક્રમ મેળવ્યો હતો. શાળાના ટ્રસ્ટી ભરતભાઈ ઠુંમર, હર્ષદભાઈ પટેલ, શાળાના આચાર્ય ભરતસિંહ રાઠોડ, કોચ રાજુભાઈ ચાવડા, ભરતભાઈ ચૌધરી અને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

### ખેલ મહાકુંભમાં મનપાના ખેલાડીઓની પસંદગી

ગાંધીનગર મહાનગરપાલિકા ખેલ મહાકુંભની સ્પર્ધામાં ખેલાડીઓની પસંદગી થયેલ છે. પ્રાંજલ દરડા, ઉમંગ બારોટ, દિનેશ કુમાર, પરવેઝ અંસારી, પંક્તિ પ્રજાપતિ, પ્રિયા દિગ્વિજય કુમાર, પૂજા ઠાકર, પ્રિયંકા પંચોલી, નીતિન દવે, વાસુદેવ રાંદેરિયા, પરાગીબેન પંડ્યા, રશ્મિલાબેન ઠક્કર, દિનેસચંદ્ર બી. ઝાલા.

### પી.કે. ચૌધરી કૉલેજમાં 'સંસ્કૃતમાં વિજ્ઞાન વિષયક' નો વ્યાખ્યાન યોજાયું

પી.કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ગાંધીનગરમાં 'સંસ્કૃત સાહિત્યમાં વિજ્ઞાન વિષય ઉલ્લેખો' વિષય પર હસમુખભાઈ જાદવ (વડોદરા) દ્વારા વ્યાખ્યાન યોજાયું હતું. કૉલેજની વિદ્યાર્થીનીઓ, અધ્યાપકો, તથા ડૉ. ઉમાબેન ચૌધરીએ હાજરી આપી હતી. આયોજન પ્રૉ. રાકેશ પટેલે કરેલ હતું.

### પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરના સેક્ટર-૭માં આવેલી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં તાજેતરમાં કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સ્પર્ધાત્મક પરીક્ષા માટે વિદ્યાર્થીઓએ કેવી રીતે તૈયારી કરવી, શું વાંચવુ વગેરેનું ઉંડાણપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું.

કોલેજમાં સુશિલકુમાર સિંઘ, નિલેશભાઈ અને પાર્થ પંડ્યા દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા અંતે જરૂરી માર્ગદર્શન આપ્યુ હતું. વિદ્યાર્થિનીઓને આ પ્રસંગે જીમેટ, જીઆરઈ, સેટ, આઈઈએલટીએસ, કેટ, સીમેટ, એન મેટ, યુ.પી.એસ.સી., જી.પી.એસ.સી., બેન્ક, નિફ્ટ, રેલવે, વૈદિક ગણિત, હોટલ મેનેજમેન્ટ વગેરે અંગે સઘન વાત કરી જરૂરી માહિતી પુરી પાડી હતી. કોલેજના આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરી ખાસ હાજર રહ્યા હતા અને વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન ગીતાબેન ચૌધરીએ કર્યું હતું. આ પ્રસંગે કાઉન્સેલિંગ કમિટિના અધ્યક્ષ પ્રા. સજ્જનબેન ચૌધરી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

### ગાંધીનગર મનપા ખેલ મહાકુંભમાં ચૅસમાં પ્રતિનિધિત્વ કરશે

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મહાનગર પાલિકા ખેલ મહાકુંભ ચેસ સ્પર્ધા યોજાઇ હતી. જેમાં ડો. નિતિન જે. દવે તથા વાસુદેવ રાંદેરિયાની પસંદગી થતાં તેઓ ગોધરા ખાતે ગુજરાત ચેસ સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

## વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓના માર્ગદર્શન હેતુ પ્રશ્નસંપુટ તૈયાર કરાયા

### JEE અને NEET પરીક્ષાના પ્રશ્નસંપુટો ૬ઠ્ઠીથી મળશે

ગાંધીનગર, તા.૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવ એમ.આઈ. જોષીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને JEE અને NEET પરીક્ષા માટે માર્ગદર્શન અને મહાવરો મળી રહે તે હેતુથી ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના પ્રશ્ન સંપુટ ૬ઠ્ઠી ફેબ્રુઆરીથી નિયત કિંમતમાં મળી શકશે.

વિજ્ઞાન પ્રવાહના રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન, ગણિત અને જીવ વિજ્ઞાન વિષયના પ્રશ્ન સંપુટ તૈયાર કરવામાં આવ્યા છે. રાજયના તજજ્ઞ શિક્ષકો અને પ્રાધ્યાપકોના સંયુકત પ્રયાસથી પ્રશ્ન સંપુટ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓના માર્ગદર્શન હેતુ દરેક જિલ્લા શિક્ષણાધિકારી કચેરીએથી તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરીથી પ્રાપ્ત થઈ શકશે. ભૌતિક વિજ્ઞાન વિષયમાં ૩૦૧૫ પ્રશ્નો, રસાયણ વિજ્ઞાનમાં ૩૪૮૮ પ્રશ્નો, જીવ વિજ્ઞાનમાં ૪૭૮૯ પ્રશ્નો તથા ગણિત વિષયમાં ૧૯૮૦ પ્રશ્નો મળી કુલ ૧૩૨૭૨ જેટલા પ્રશ્નો તેના ઉત્તરોની કી સાથે સદર પ્રશ્નસંપુટ તૈયાર કરવામાં આવ્યા છે. ગુજરાતી માધ્યમના રસાયણ વિજ્ઞાન ભાગ-૧ની ૭૦ રૂ. ભાગ-૨ની ૬૦ રૂ., ભૌતિક વિજ્ઞાન ભાગ-૧ની ૮૫ રૂ. અને ભાગ-૨ની ૯૦ રૂ. તથા જીવવિજ્ઞાનની ૧૨૫ અને ગણિત ભાગ-૧ની ૧૦૦રૂ., ભાગ-૨ની ૭૦ રૂ. કિંમત મૂકવામાં આવી છે. જયારે અંગ્રેજી વિષયના ભૌતિક વિજ્ઞાન ભાગ-૨ની કિંમત ૯૫ રૂ. છે અને અન્ય વિષયોની કિંમત ગુજરાતી માધ્યમના પ્રશ્નસંપુટો જેટલી છે. દરેક જિલ્લા શિક્ષણાધિકારી કચેરી તથા બોર્ડની ગાંધીનગર ખાતેની કચેરીએથી રજાના દિવસો સિવાય સવારના ૧૧ થી ૫ કલાક દરમિયાન જરૂરી કિંમત ચૂકવ્યેથી પુસ્તિકા મળી શકશે.

## વિસનગરા નાગર પરિવારનો સન્માન સ્નેહમિલન સમારંભ યોજાયો





ગાંધીનગર, તા. ૪

વિસનગરા નાગર પરિવારનો ૧૯મી પારિતોષિક, વિશિષ્ટ સિધ્ધિનો, વડીલોનો અમૃત મહોત્સવમાં પ્રવેશનો સન્માન સમારંભ યોજાયો હતો. સમારંભના પ્રમુખ સ્થાને ઈલેક્ટ્રીક આર એન્ડ બી(માર્ગ અને મકાન વિભાગ)નાં નિવૃત્ત મુખ્ય ઈજનેર શ્રી ઉરેશ મહેતા હતા. અતિથિ વિશેષ પદે અમદાવાદના દધિચીભાઇ મહેતા હતા. પરિવારને હાટકેશ દાદાની ચાંદીમુદ્રિત પાલખી અર્પનાર વાસુદેવભાઈ પંડ્યાનું શાલ ઓઢાડીને સન્માન કરાયું હતું.

સંગીતક્ષેત્રે ગુજરાતને આગવું સ્થાન અપાવનાર ધાર્મિક મયંકભાઈ દવેને મોમેન્ટો આપી સન્માનવામાં આવ્યા હતા. જેઓએ ૬ સુવર્ણચંદ્રક સંગીત કલાક્ષેત્રે તાજેતરમાં મેળવેલ છે. આ ઉપરાંત બે વડીલો ૭૫ વર્ષ પુરા કરનારાઓને શાલથી સન્માન કરવામાં આવ્યું હતું. ૪૦ જેટલા તેજસ્વી તારલાઓને સન્માન કરાયું હતું.

ડૉ. પ્રમોદભાઈ મહેતાએ પરિવારની તથા કૈલાસ માનસરોવરની યાત્રા વિશે વિસ્તૃત માહિતી આપી હતી. વાસુદેવભાઈ પંડ્યા, ઉરેશભાઈ મહેતા, દધિચીભાઈ મહેતા, સુરેશ મહેતા, મનુભાઈ મહેતાએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

સમારંભનું સંચાલન શ્રીમતી સોનાલીબેન રાવલ તથા કૌશિક રાવલે કર્યું હતું. આભારવિધિ મહામંત્રી મહેશભાઈ રાવલે કરી હતી. ધર્મેન્દ્રભાઈ રાવલ, ભાવેશભાઈ મહેતાએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

સમારંભમાં પરિવારનો વિશાળ સમુદાય ઉપસ્થિત રહ્યો હતો.


## બોર્ડ પરીક્ષાના વિદ્યાર્થી માટે હેલ્પલાઈન શરૂ કરવા માંગ

અમદાવાદ, તા.૪

ધોરણ-૧૦ અને ૧૨ની આગામી માર્ચ-એપ્રિલ મહીનામાં લેવાનાર બોર્ડની પરિક્ષા આપતા વિદ્યાર્થીઓ અનેક મુંઝવણો અને માનસિક તણાવનો સામને કરતા હોય છે. જેમાંથી વિદ્યાર્થીઓને રાહત મળે અને વિદ્યાર્થીઓ ભયમુકત વાતાવરણમાં પરિક્ષા આપી શકે તે માટે વિદ્યાર્થીઓ માટે હેલ્પલાઈન શરૂ કરવા માટે વાલીઓએ માંગ કરી છે.

બોર્ડની પરિક્ષા આપી રહેલા વિદ્યાર્થીઓ ભયમુક્ત અને તણાવમુક્ત વાતાવરણમાં પરિક્ષા આપી શકે તે માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શનની જરૂર પડતી હોય છે. માટે જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા આવા વિદ્યાર્થીઓ માટે ખાસ હેલ્પલાઈન શરૂ કરવામાં આવે તેથી માંગ શહેરના વાલીઓ કરી રહ્યા છે. વાલીઓએ જણાવ્યું વિદ્યાર્થીઓમાં બોર્ડની પરિક્ષાને લઈ એક ભયનું વાતાવરણ હોય છે. પ્રથમ વખત બોર્ડની પરિક્ષા આપી રહેલા વિદ્યાર્થીઓના મગજમાં અનેક પ્રશ્નો મુંઝવતા હોય છે. વિદ્યાર્થીઓને નિષ્ણાંત દ્વારા યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટે જિલ્લા શિક્ષણ અધિકારીએ હેલ્પલાઈન શરૂ કરવી જોઈએ. આ હેલ્પ લાઈન માટે જિલ્લા શિક્ષણ અધિકારીએ ખાસ નિષ્ણાંતોની એક ટીમ બનાવવી જોઈએ અને તેમના દ્વારા વિદ્યાર્થીઓની મુંઝવણોનું સમાધાન લાવવા પ્રયત્નો કરવા જોઈએ. વાલીઓ માંગ કરી રહ્યા છે કે, જે તે શાળાઓએ વિદ્યાર્થીઓને બોર્ડની પરિક્ષા માટે શૈક્ષણિક અને મનોવૈજ્ઞાનિક માર્ગદર્શન પુરુ પાડવું. ક્વોલીટી ડેવલપમેન્ટ સર્કલ અથવા શાળાએ કક્ષાએ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ. આ અંગે જીલ્લા શિક્ષણ અધિકારીનો સંપર્ક સાધતા તેમને નજીકના ભવિષ્યમાં હેલ્પલાઈન શરૂ કરવાની કોઈ યોજના હોવાની શક્યતાઓ નકારી દીધી હતી. આમ થશે તો આવનારા દિવસોમાં શહેરના વિદ્યાર્થીઓએ પરિક્ષા માર્ગદર્શન માટે વાલીઓ અથવા ટ્યુશન ક્લાસીસો ઉપર આધારીત રહેવુ પડશે. રાજ્ય શિક્ષણ બોર્ડ દ્વારા દરેક જીલ્લા શિક્ષણ અધિકારીઓ અને શાળાઓને પરિપત્ર પાઠવી વિદ્યાર્થીઓ બોર્ડની પરિક્ષામાં આત્મવિશ્વાસ સાથે પરિક્ષા આપી શકે તે માટે વ્યવસ્થા કરવાનું સૂચન કરાયું છે.

## અશ્વીનભાઈ પટેલ કોમર્સ કૉલેજની સોલૈયામાં શિબિર સંપન્ન



અશ્વીનભાઇ પટેલ કોમર્સ કોલેજની એન.એસ.એસ.ની શિબિર સોલૈયા મુકામે સાત દિવસની યોજાઇ હતી. સ્વચ્છતા, વ્યસનમુક્તિ, સાક્ષરતા, આરોગ્ય જાળવણી, ભીતસૂત્રોની થીમ સાથે યોજાઇ હતી. વિદ્યાર્થીઓ સખ્ત પરિશ્રમ સવારે સાડા પાંચ વાગ્યાથી બપોર સુધી કરતા હતા. ૨૨૩ વ્યક્તિઓને વ્યસનમુક્ત કર્યા હતા. વ્યસનમુક્તિ અંગેનાં સાંસ્કૃતિક કાર્યક્રમો રાત્રે યોજાતાં હતા. યુથ ઓફિસ કલમકરે પણ શિબિરાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. સફળ સંચાલન પ્રો. રણછોડભાઇ રથવીએ કર્યું હતું. સરપંચ ભગુભાઇ ચૌધરી, આચાર્ય ગોવિંદભાઇ ચૌધરી ગ્રામજનોને સહકાર આપ્યો હતો. ૧૩૦ શિબિરાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રો. રણછોડભાઇ રથવીએ આભાર વ્યક્ત કર્યો હતો.